વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૨ : અંક - ૩-૪ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : ફેબ્રુઆરી-૬, ૨૨, ૨૦૨૪

## સંસદ સભ્યો 'સેવા'ના સભ્યો સાથે

તા.૧૭ જાન્યુ. ૨૦૨૪ના રોજ સંસદના ૧૫ સભ્યો મહિલા સશક્તિકરણ ઉપર ચર્ચા-વિચારણા અને કામ જોવા માટે 'સેવા'ની મુલાકાતે આવ્યા. આ ચર્ચા-વિચારણા 'સેવા'ની કારોબારીના સભ્યો સાથે થઈ. સંસદ સભ્યો અને 'સેવા'ના સભ્યોએ પરસ્પર આપ લે કરી.



**સંસદ સભ્યો 'સેવા'ની કારોબારી સાથે ચર્ચા-વિચારણા કરતાં**

'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિબેને સમિતિને આવકારતાં સેવાનો પરિચય આપ્યો અને જણાવ્યું કે, આ ભારતની લોકશાહી માટે ઈતિહાસિક(ઐતિહાસિક) પ્રસંગ છે : સંસદ 'સેવા'ના આંગણે! ત્યારબાદ, સેવા કારોબારીના સભ્યોએ સંગઠિતક્ષેત્રના નીતિવિષયક મુદ્દાઓની સમજપૂર્વક ભારતના વિકાસને ધ્યાનમાં રાખી રજૂઆત કરી.

૧.ભારતના લાખો ઘરેલું કામદારો જે અરક્ષિત છે તેમના માટે દેશના ઘણા રાજ્યોમાં લઘુતમ વેતન નક્કી નથી કર્યું તે નક્કી થાય તે જરૂરી છે. 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા'એ ઘરેલું કામદારો માટેનું કન્વેન્શન ૧૮૯ પસાર કર્યું છે જે આપણા દેશે નમૂનેદાર રીતે અનુસરવું જરૂરી છે.

૨ .ભારતના શહેરોમાં વેસ્ટ મેનેજમેન્ટનું ખાનગીકરણ થઇ ગયું છે. જેથી પરંપરાગત કામ કરતાં વેસ્ટ રિસાયકલર્સનું જે લાખોની સંખ્યામાં ગરીબ બહેનો હોય છે તેમનું કામ ઝુંટવાઈ ગયું છે. દરેક શહેરોમાં આ કામ લેવા માટે ટેન્ડર બહાર પડે છે પરંતુ, તેની શરતો એવી હોય છે કે જેના કારણે ગરીબ, શ્રમજીવીઓ અને મહિલાઓ આ ટેન્ડર ભરી શકતાં નથી. આ કામનું ખાનગીકરણ થવું ના જોઈએ

પરંતુ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મટીરીયલ રીકવરી સેન્ટર ચલાવવાનું કામ છે તેમ દરેક શહેરોમાં વેસ્ટ રિસાયકલર્સને મળવું જોઈએ. સમૃદ્ધિ નહીં તો શહેરોનો કચરો તો ગરીબ બહેનોને આપો!

૩ .બાંધકામ મજૂરોની સુરક્ષા માટે વેલ્ફેર બોર્ડ ભારતના દરેક રાજ્યોમાં બન્યા છે અને કરોડો રૂપિયા વણવપરાયેલ આ બોર્ડમાં છે તો કામદારોને સામાજિક સુરક્ષા માટે ઈ.એસ.આઈ.સી. સાથે જોડવા જોઈએ. જે દેશને બાંધે છે, રચે છે, તે પોતે જ સુરક્ષા વગરના ?

૪ . ખેતમજૂરો-સિમાંત ખેડૂતો માટે લેન્ડર્સ ફાયનાન્સ સ્કીમનો લાભ કેવી રીતે લઇ શકાય તે અમારા અને દરેક ગરીબ બહેનોનો પ્રશ્ન છે. વાતાવરણના બદલાવની ગરીબ બહેનો ઉપર અસર થાય છે તે માટે રેઝીલીયન્સની ખૂબ જરૂર છે. હવામાનની આગાહી પ્રાદેશિક સ્તરે થાય છે તેના બદલે સ્થાનિક હવામાન આગાહીના સેન્ટર બહેનો દ્વારા ચાલતા અને ચલાવાતા હોવા જોઈએ. જો, આ આગાહી મળે તો તેને અટકાવવાનાં પગલાં બહેનો દ્વારા લઇ શકાય. વળી, આવી આફતો સમયે સિમાંત અને નાના ખેડૂતોને ૩૦%થી વધારે નુકશાન હોય તો જ વળતર મળે છે. પણ ૨૯%નું નુકશાન ગરીબ બહેનો માટે તો પાછું ગરીબીમાં ધકેલે તેવું નુકશાન હોય છે. પણ, આ નુકશાન માટે કોઈ ટકાવારી ઉપર ન જતાં દરેકે દરેકને વળતર મળવું જોઈએ. લાંબાગાળે જોઈએ તો, જમીનને પણ અસર થાય છે. બીજી સીઝન માટે પૈસા નથી હોતા તો ઉત્પાદન નથી હોતું તેવા પ્રશ્નોને ધ્યાનમાં લઈને આનું વળતર દરેકે દરેક બહેનને તાત્કાલિક મળવું જોઈએ.

૫ .જ્યારે આફતો આવે છે ત્યારે તેનું વળતર જમીનના મૂળ માલિકને મળે છે, ભાઈ કે બહેન ભાગીયાઓને નહીં. હકીકતમાં તો, આ ભાગીયાઓ જ મહેનત, બિયારણ, દેખભાળ વગેરે કરતાં હોય છે માટે આ વળતર ભાગિયાઓને ખાસ કરીને બહેન ભાગિયાને જ મળવું જોઈએ નહીં કે, ફક્ત જમીનના મૂળ માલિકને નહીં.

ત્યારબાદ, જશીબેન, જે ખેતમજુરના ધંધાનું પ્રતિનિધિત્વ કરે છે તેમણે ‘સેવા’માં ડીજીટલાઈઝેશનની વાત કરતાં કહ્યું કે, સેવાના સભ્ય બનવા માટે અમે ઓનલાઈન એપ વાપરીએ છીએ.



**સંસદના સભ્યોને ડીજીટલાઈઝેશનની વાત કરતાં જશીબહેન**

આ વાત સાંભળતા સંસદ સમિતિના સભ્ય હીનાબેનને ખૂબ રસ પડ્યો અને તે બતાવવા કહ્યું.

જશીબેન પટ્ટ દઈને ઊભા થયા અને એપ ચાલુ કરી ફટાફટ બધું બતાવ્યું. સંસદ સભ્યોની તાળીઓનો ગડગડાટ થઇ ગયો.

‘સેવા’ની કારોબારીની રજૂઆત સાંભળીને કમિટીનાં સભ્ય હીનાબેને જણાવ્યું કે, ખેતીકામ, પશુપાલનનું કામ કરતા સેવાનાં સભ્યોને ‘ડ્રોન દીદી’ વિષે ખબર છે ? એવો સવાલ કર્યો.

'ડ્રોન દીદી' જેના દ્વારા દવા છંટકાવ થાય છે જેથી જમીન બગડતી નથી. તે બહેનોને ખરીદવા સબસીડી મળે છે. જેનાથી ૧ કે ૨ કલાકમાં દવા છંટાઈ જાય અને તેને ભાડેથી પણ આપી શકાય. સેવાના સભ્યોએ 'ડ્રોન દીદી' સજીવ દવા કેમ છંટકાવ ન કરે તે પૂછ્યું. સેવાના સભ્યોનો ભાર સજીવ ખેતી પર વધતો જાય છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વેધર સ્ટેશન હોય છે જે મોસમની માહિતીના બુલેટિન આપે છે. દેશી ગાય ખરીદવા સરકાર ૯૦૦ રૂપિયા સબસીડી આપે છે. 'પ્રધાનમંત્રી વિમા' યોજના વિષે માહિતી આપતાં જણાવ્યું કે, તમે તમારા સભ્ય આ યોજના સાથે જોડો. ફક્ત ૨૦ રૂપિયા જ તેનું પ્રિમિયમ છે. તેવી જ રીતે 'અટલ પેન્શન' યોજનામાં બધા શ્રમજીવીઓને જોડવા જરૂરી છે, બાંધકામ કામદાર બહેનોને 'વિશ્વકર્મા' યોજના સાથે જોડવા જોઈએ.

સેવાના સભ્ય બહેનોએ રજૂઆત કરી કે, અમે ત્રીસ લાખ બહેનો જોડાવા તૈયાર છીએ અને અમને મદદ કરો કે પૈસા પૂરા, સમયસર અને સામે ચાલીને ચૂકવવામાં આવે. ચૂકવણી મોટી મથામણ છે.

હિનાબહેને જણાવ્યું કે, ''મને ગર્વ છે કે, આજે હું અમારી આ સંસદના સભ્યો કે જે સ્ત્રી સશક્તિકરણ ઉપરની કમિટી છે તેણે 'સેવા'ની મુલાકાત લઈને વાતચીતનું આદાન-પ્રદાન કર્યું તે ખૂબ અગત્યનું છે. તમારું ઘણું મોટું સંગઠન છે જે અસંગઠિતક્ષેત્રની મહિલાઓના સંગઠનનું કામ કરે છે. તમે ફિલ્ડ પર ઘણું સારું કામ કરી રહ્યાં છો. તમારી સાથે કરેલ વાર્તાલાપ, તમારી યાદો લઈને અમે સંસદ જઈશું. 'બોલતી ભીંત'ના શ્રમજીવી બહેનોનાં ફોટાઓએ અમારું દિલ જીતી લીધું છે, જાણે ઈલાબહેન દરેક બહેનમાં બોલે છે. તેમાંથી પણ સ્ટ્રોંગ મેસેજીસ નીકળે છે. અમે સંસદની ભીંતોમાં આ શ્રમજીવી બહેનોના અવાજને ગજવીશું તેમ જણાવ્યું. બધાનો દિલથી આભાર માનતા જણાવ્યું કે, તમારા બધા જ મુદ્દાઓ કે અડચણો કે સમસ્યાઓ જે પણ છે તે લખીને અમને મોકલો તો તેના રેફરન્સથી અમે દિલ્હીમાં ભારત સરકાર સાથે મીટિંગ કરાવી શકીએ તથા દિલ્હી સંસદમાં તમને અને સેવાની દરેક સભ્ય બહેનને આમંત્રણ આપીએ છીએ. તમે રૂબરૂ આવી તમારી વાતો સંસદમાં કરો.''

કપીલાબેને, સેવાના પ્રમુખ તરીકે સંસદ સભ્યોનો આભાર માન્યો અને 'અમે પાર કરીશું...' ગીત ગાઈ મીટિંગ પૂરી કરી. ''હમ સબ એક હે''ના બુલંદ નારા સાથે મહેમાનોએ વિદાય લીધી.

**- શાન્તા કોષ્ટી**

❑

## મણીપુરમાં 'સેવા'

મણીપુર અને 'સેવા'ને શ્રમશક્તિ રિપોર્ટ પહેલાંનો સંબંધ છે. ઈલાબહેનને મણીપુરના બજારો અને મહિલાપ્રધાન કુટુંબ વ્યવસ્થા આ બેઉ પ્રેરણાદાયક લાગતી હતી. મહિલા નેતાગીરી માટે એકબીજાને સમજે તે માટે મણીપુરની બહેનોએ સેવાની બહેનોને આમંત્રણ આપ્યું.

મણીપુર રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં હાલમાં ચાલતી તંગભરી પરિસ્થિતિમાં 'સેવા'એ ઈમ્ફાલ વેસ્ટ, ઈમ્ફાલ ઈસ્ટ, કચ્ચીન, વિષ્ણુપુર અને ચુરચંદપુરના જુદા જુદા અંતરિયાળ વિસ્તારની મુલાકાત લીધી હતી.

સદીઓથી એક સાથે રહેતા હાલમાં કુકી અને માહિતી સમુદાય વચ્ચે તણાવ ચાલે છે, જેમાં સ્થાનિક લોકો તેમજ ખાસ કરીને મહિલાઓની પરિસ્થિતિ જાણવા માટે સેવાને આમંત્રણ મળ્યું. આ દરમ્યાન 'સેવા'ના અનુભવોનું વર્ણન કરીએ તો, સ્થાનિક શાંતિપ્રિય લોકોની પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે. ગામના સભ્યો પોતાના ઘર ગામ તેમજ ખેતર છોડીને રાહત કેમ્પમાં ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં જીવન ગુજારી રહ્યા છે. ૨૫ રાહત કેમ્પની મુલાકાત દરમ્યાન જોયું કે લોકો નાના એવા ખંડેર મકાન, તૂટેલી બિસ્માર હાલતની નિશાળ, બંધ પડેલું થિયેટર તેમજ અવાવરું હૉસ્પિટલ જેવી જગ્યાઓમાં હાલમાં વસતા. આવા કુટુંબોને મળ્યા અને તેમની પરિસ્થિતિ જાણી જે ખૂબ જ કફોડી અને દુઃખદાયક હતી. આ રાહત કેમ્પોમાં તેઓ ને બે સમય પુરતું ખાવા મળતું નથી. જેમાં, નવ મહિનાથી દાળ અને ભાત જ આપવામાં આવે છે. જેમાં સગર્ભા અવસ્થામાં રહેતી બહેનો તેમજ નવજાત જન્મ આપેલી મહિલાઓને પોષક આહાર વધુ આપવો જરૂરી છે જેથી કમજોર અને બીમાર અવસ્થામાં વધે નહીં. આ સમયમાં ચાલુ અભ્યાસ કરતા બાળકોને શિક્ષણ પણ છોડવું પડ્યું છે. આવા બાળકો માનસિક તણાવના કારણે વ્યસન અને હિંસાત્મક પ્રવૃત્તિઓ તરફ વળે તો ? બહેનો પાસે રોજગારીની તકો ઓછી હોવાના કારણે અન્ય કામ તરફ દોરાયા છે જેનાથી તેમને શારીરિક યાતનાઓનો સામનો કરવો પડે છે. ભાઈઓ પાસે કામ ના હોવાથી ક્યારેક દારૂનું સેવન કરવા માંડ્યા છે. જીવન જરૂરિયાતની પુરતી સુવિધાઓ વ્યવસ્થિત ન મળવાના કારણે શારીરિક અને માનસિક યાતનાઓના ભોગ બન્યા છે. બહેનો હાલમાં અસંગઠિત રીતે અને પોતપોતાની રીતે કામ કરી રહ્યા છે. જેમાં રાહત કેમ્પમાં રહેતી મહિલાઓ પોતાનું ગુજરાન હાથ કલાકારીગરી કરીને ચલાવતા હતા. જેમાં, બહેનો વાંસની વસ્તુઓ બનાવવાનું, ભરત કામ, વણાટ કામ, સિલાઈ કામ,



**બહેનો સાથે વાતો કરતાં સેવાના બેનો**

અગરબત્તી, પાવડર, વાસણનું પ્રવાહી, રેશમના તાર બનાવવાનું, ખેતીનું કામ, મત્સ્ય ઉધોગ, લાકડામાંથી જુદી જુદી વસ્તુઓ અને મરઘાં ઉછેરનું કામ કરે છે. આટલી હિંસા વચ્ચે કેવી રચનાનું કામ બહેનો કરે છે !

બહેનો સાથે વાતો કરતાં પ્રાથમિક માહિતીનો ખ્યાલ આવ્યો કે, હાલ તેમને સ્થાયી રોજગારીની ખૂબ જ જરૂર છે. બહેનો જે બનાવે છે તેને તેઓ આસપાસના ગામોમાં વેચવા માટેનો પ્રયાસ કરે છે. શક્ય ક્યાં છે ? આજીવિકાને લઈને કોઈપણ પ્રકારની કોઈ મદદ મળે તો લાભ થાય જ. સમુદાયના લોકોને જયારે રોજગારલક્ષી 'સેવા'ના અનુભવો કહ્યાં ત્યારે તેઓએ ખૂબ જ રસ દાખવ્યો. મણીપુરની મહિલાઓ ઘણી જ ઉત્સાહિત અને હિમ્મતવાન છે તેમજ તેમનામાં શીખવાની ધગશ જોવા મળી. તેમનામાં ધંધાને લગતી તેમજ બજારલક્ષી આવડત છે. ઈમ્ફાલમાં જુદા-જુદા જિલ્લાની મુલાકાત લીધી જેમાં, જાણવા મળ્યું કે ગામોમાં અને કેમ્પોમાં હજી સુધી મશીનીકરણ નથી થયું જેમાં મોટા ભાગે હાથથી જ વસ્તુઓ બનાવે છે. હાથ, હૈયા અને હામ સલામત છે.

એક અનુભવમાં કહીએ તો બહેનો કહેતાં કે, ''ક્યારેક તો અમને અમારે ગામ પાછા જવા મળશે ? પણ એ આશા તેમની તૂટી ફૂટી છે. પોતાના ઘરે ચૂલો ક્યારે પેટાવશું ?''

આ અનુભવની સાથે કઉત્રુક ગામની વાત કરીએ તો, આ ગામમાં ગોળીબાર થયેલો, જે બોર્ડર વિસ્તારમાં વસેલું છે. હાલમાં પણ રેડ ઝોનમાં છે. તે ગામની છોકરીના જીનાના પગમાં ગોળી વાગી હતી તેમને મળ્યાં. તેમની પાસેથી તેમની વ્યથા સાંભળી. બહેન પોતાના ઘરમાં પોતાની પથારીમાં બેસીને વાંચી રહ્યા હતા અને પતરું અને દીવાલ વીંધીને તેમના પગમાં ગોળી વાગેલી !

આ બહેનો ખૂબ બહાદુર છે. સ્થાનિક ગામોમાં આગેવાની લઈને બંકરોમાં પણ ફરજ બજાવી રહ્યાં છે. બહારથી કોઈ પણ વાહનો



**સેવાની ટીમ મણીપુરના ગવર્નર સાથે**

આવે તેને તપાસવાના અને પૂછપરછ કરીને જ તેઓ સલામતી માટેના સઘળા પ્રયત્નો કરે છે. પરંતુ શાંતિ અને સલામતિ વચ્ચે ખૂબ અંતર છે.

અમે ત્યાંના ગવર્નર માનનિય અનસૂયાબહેન ઊયકેને મળવા ગયા હતા અને અમે રાહત કેમ્પોમાંની પરિસ્થિતિની વાત કરી. તો માનનિય ગવર્નરબેને જણાવ્યું કે, આ કામગીરી કેવી રીતે સારી રીતે કરી શકાય તે માટે સ્થાનિક ડેપ્યુટી કમિશ્નરની સાથે રહી ગોઠવણ કરી રહ્યાં છે. ઉપરાંત જેમના ઘર બળી ગયા છે તેમને કેશ (રૂપિયા) આપીને નવા ઘરો બનાવવાની કામગીરી કરી રહ્યાં છે. અનસૂયાબહેન ગવર્નરને 'સેવા'ના ઈલાબહેન અને મહાજનના અનસૂયાબહેનનો ઈતિહાસ સાંભળવામાં ખૂબ રસ પડ્યો.

ઈમ્ફાલમાં મહિલાઓ દ્વારા એક વિશાળ જગ્યા પર ''ઈમા બજાર'' છે. આ બજાર શરુ કરવામાં ઇલાબહેનનું ઘણું યોગદાન રહેલું છે. એમ લાગે કે ઈમા બજાર ''ઈલા બજાર'' છે. મહિલાઓનું મહિલાઓ માટેનું બજાર ! ત્યાં પણ અમે ગયા. આ બજારમાં જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓ મળી રહે છે જેનું સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. જાણે ''અનુબંધ''ના વિચાર પર ચાલે છે.

ઈમ્ફાલ શહેરમાં શાંતિ પ્રાર્થના યોજી હતી. જેમાં અમે જોડાયા હતા. આ પ્રાર્થનામાં આપને શાંતિનો સંદેશ આપતા આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, અહીં શાંતિ સ્થપાય અને લોકો પોત-પોતાના ઘરોમાં પાછા જાય. ઈલાબહેનની ગમતી ''**શાંતિ કા વાદ્ય...**'' પ્રાર્થના પણ કરી હતી.

**શાંતિ કા વાદ્ય**

શાંતિ કા વાદ્ય બના તુ મુજે, પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
શાંતિ કા વાદ્ય બના તુ મુજે પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
હો તિરસ્કાર જહાં કરું સ્નેહ, હો હમલા તો ક્ષમા કરું મેં....
શાંતિ કા વાદ્ય બના તુ મુજે, પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
હો જહાં ભેદ અભેદ કરું, હો જહાં ભૂલ મૈં સત્ય કરું....
શાંતિ કા વાદ્ય બના તુ મુજે, પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
હો સંદેહ વહાં વિશ્વાસ, ઘોર નિરાશા વહાં કરું આશ....
શાંતિ કા વાદ્ય બના તુ મુજે પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
હો અંધિયારા વહાં પ્રકાશ, હો જહાં દુઃખ ઉસે કરું હાશ....
શાંતિ કા વાદ્ય બના તુ મુજે, પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે
શાંતિ કા વાદ્ય બના તુ મુજે, પ્રભુ! શાંતિ કા વાદ્ય બના તુ મુજે.

**- સેઈન્ટ ફ્રાન્સીસ, આસીસી**

અહીં બહેનો પાસે રોજગારી હોય તે ખૂબ જરૂરી છે. અહીં આ બહેનો સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે બહેનો ફૂડ પ્રોસેસિંગ અને બેકરીની વસ્તુઓ બનાવવા માટે તૈયાર છે. તેથી સેવા સોલીડારીટીના ભાગરૂપે આ તાલીમનું આયોજન અને ગોઠવણ કરવા માટે એક ટુકડી ૨૯ ફેબ્રુઆરીએ ઊપડશે.

**- જીજ્ઞાસા, દિશા, તેજસ**

❑

## બદલાતા ધંધા

શ્રમજીવીઓને માથે કેટલીએ મુશ્કેલીઓ આવે તોય પેટીયું રળવા માટે જે મળે તે મજૂરી કરવા નીકળી પડે. એવા જ એક અમરાઈવાડી વિસ્તારના સત્યમનગરમાં રહેતાં ખેમીબહેન શંકરભાઇ જેઓ ૩૫ વર્ષથી શાકભાજીનો ધંધો કરતાં હતા ને હવે ઘરે જ ચુનાની ટોટી ભરવાનું કામ કરે છે. ખેમીબહેન કહે, મારું પિયર મહેસાણાનું ડોડીવાડા ગામ. પરણીને પહેલીવાર અમદાવાદ જોયું હતું. સાસરું ગોમતીપુર ગામમાં હતું. ઘરમાં મારા સસરા-સાસુ, મારા જેઠ-જેઠાણી, બે નણંદો અને અમે બે પતિ-પત્નિ. આ બધા પરિવારમાં ભેગા રહેતાં. એકમેક સાથે મેળ. મારા સાસુ અને ઘરવાળા બન્ને મા-દીકરો પટેલ મિલમાં નોકરી જતાં. મારા સસરા અને જેઠ બન્ને કડીયાકામ રાખતાં અને કામ કરતાં ત્યારે ઘરમાં ઘણું સારું હતું. રોટી ગરમ અને કપડાં નવા ! મારું તો ગામડાનું જીવન. ગામડે મોટા ઘરોમાં રહેવાનું અને ખેતરોમાં આખો દિવસ કાલા વિણવાના, લાકડાં વિણવાના ને ભારો બાંધી ઘરે લઈ આવાનો અને છાણા થાપવાના. એ ગામડુ ભુલી ને ધીરે ધીરે શહેરમાં ગોઠવાતી ગઈ. સમય લાગ્યો. આંસુ આવ્યા. પણ હારી નહીં.

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

૧૦૯, સાકાર-૨, પહેલો માળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૮ ૧૫૯૭, ૨૬૫૮ ૧૬૫૨
ઇ-મેલ : mail@sewabank.com • વેબસાઇટ : www.sewabank.com

## ઉદ્યમી મહિલાઓ

**આપના ધંધાને નવી ઉંચાઇએ પહોંચાડો**
**સેવા બેંકની નવી લોન યોજના સાથે જોડાવો**






- તમારી સંપત્તી બનાવો
- યોગ્ય રીતે બચત કરો
- વિમા સાથે જોડાવો



તમારી વિવિધ વ્યવસાયિક જરૂરીયાતો માટે ૫ લાખ સુધીની લોન મેળવો



એક કુશળ વ્યવસાયિક ઉદ્યમી મહિલા બનો

**આવો... સાથે મળીને આપનો અને આપના ધંધાનો વિકાસ કરીએ**

અમારી આજુ-બાજુમાં બધા મોતીની અને ફૂલની માળાઓ ભરવા લાવતા તો મેં પણ માળા ભરવાનું શીખી લીધું અને કામ શરુ કર્યુ. એવામાં મારે એક દીકરી થઇને બીજા બે જોડવા ભાઇ-બેન થયા એમ મારે ત્રણ બાળકો થયાં. માળા ભરવાનું કામ બંધ કરી દીધું. બાળકો થોડા મોટા થયાં ત્યાં સસરા ગુજરી ગયા અને જેઠ-જેઠાણીએ ઘરમાં ઝઘડા કરવા માંડયા અને અમે ભાડાના ઘરમાં જુદા રહેવા ગયા. થોડો વખત થયો અને સાસુ મિલમાંથી છુટા થયાં, એમના આવેલા પૈસા અને થોડા મારા દાગીના હતા એ વેચીને અમરાઇવાડીમાં એક નાનકડું પોતાનું ઘર લીધું અને અમે ત્યાં રહેવા ગયા. શાંતિની પ્રાર્થના કરી. ધીરે ધીરે થોડા હળવા થયાં ત્યાં પટેલ મિલ બંધ થઇ ને ઘરમાં પૈસાની વળી તંગી પડવા માંડી. ખાલી વાડકી ભરેલી થાળીથી શરમાય. ઘરવાળા જ્યાં ત્યાં છુટક મજુરી કરવા જતાં તે મળે તો મળે નહીં તો ઘરે ને ઘરે. બાળકો નાનાં ને ઘડી-ઘડીમાં બિમાર થાય તે દવાખાને લઇને દોડવું પડતું, એમાં ઘરનું ગુજરાન ચલાવવું બહું અઘરું પડતું. ‘‘બાર સાંધીએ ત્યાં તેર તૂટે’’.

અમારા વિસ્તારમાં ઘરે કાંઇ કામ નહોતું મળતું, ત્યારે મેં શાકભાજી વેચવાનું કામ શરુ કર્યુ. જમાલપુર બજારથી લાવતી અને લારી ભરી અમરાઇવાડી બજારમાં વેચતી. ધીરે ધીરે મારે શાકભાજી ધંધામાં ફાવટ આવતી ગઇ. મારા ઘરવાળાને પણ શાકભાજીનો ધંધો કરવાનું ગોઠવાયું. રોજ શાકભાજી લાવું ને અમે વેચીએ બધું સારું ચાલવા માંડયું. છોકરાઓ મોટા થયાં. બે દીકરીઓને પરણાવી ને સાસરે વળાવી. દીકરાના પણ લગ્ન કર્યા, ઘરમાં વહુ આવી તેનાય બાળકો થયાં. હવે મનને થોડો હાશકારો મળ્યો. ભવસાગરમાં તરતા રહ્યા.

શાકભાજી લાવવાની અને વેચવાનું કામ તો ચાલુ જ હતું એવામાં એક દિવસ સવારમાં માલ લઇને ઘરે આવતાં રિક્ષા પલટી ગઇ તેમાં મને ઘણું વાગ્યું, કમરના મણકા ભાંગી ગયાં તે મારે વરહ’ દાડાનો ખાટલો આવ્યો. દાખતરે કહી દીધું કે, હવે તમે વજન વાળું કામ નહીં કરી શકો. થોડો વખત ચાલવામાં પણ ધ્યાન રાખવું પડશે. એટલે મારે શાકભાજીનો ધંધો બંધ કરવો પડયો. મારા ઘરવાળા જમાદારીમાં કામે લાગી ગયા.

થોડા વખત પછી મેં પણ કામ શોંધવા માંડયુ અને ચુનાની ટોટીના ઢાંકણા લગાડવાનું કામ મળ્યું. ત્યાં ચુનાની પડીકી અને ટોટી ભરવાનું કામ ચાલતું હતું તેમાં હું કામે લાગી. આજે મારે ૮ વર્ષ થયા આ કામ કરતાં. ૧૦૦૦ ટોટીના ઢાંકણા લગાવવાના મને ૯ રૂપિયા ભાવ મળે છે. દિવસના આઠ હજારથી દસ હજાર નંગ ટોટીને ઢાંકણા લગાવું છું, જેના મને ૧૦૦ રૂપિયા મળે છે. ચુનાનું કામ કરતાં જો મોજા ના પહેર્યા હોય ને તો, હાથ ફાટી જાય ને ઢાંકણા બંધ કરવા વારંવાર આંગળીનો ઉપયોગ વધારે કરવો પડે તેથી હાથમાં ટાકી પણ પડી જાય. હાથમાં લોહી નીકળી જાય, એટલે ઘણું ધ્યાન રાખવું પડે ચુનાના કામમાં. ગમે તેમ પણ કામ તો કરવું જ રહ્યું.

ખેમીબેન જેવા ૪૦ કરોડ અસંગઠિતક્ષેત્રના કામદારોને જરૂર છે સામાજિક સુરક્ષાની. સરકારે ઈ-શ્રમ કાર્ડ બનાવીને આ કામદારોને એક ઓળખ તો આપી પણ ઈ-શ્રમ હેઠળ સામાજિક સુરક્ષા યોજના જેમાં તેમને પ્રસુતિ સહાય, પેન્શન, આરોગ્યનો વીમા, ઈ.એસ.આઈ.સી. શરુ કરવાની જરૂર છે.

**- ગોમતી**

❑

# કામ મળ્યું પણ મજૂરી વધી

માથોડા હાથલારી કામદારો ૩ થી ૫ દુકાનોમાં કામ કરે છે અને આ કામદારો પેઢીઓથી આ જ દુકાનોમાં કામ કરે છે. કાળીબહેન પોપટભાઈ ઠાકોર એ પહેલા આવી જ એક દુકાનમાં કામ કરતા અને હવે તેમની વહુ કામ કરે છે. અત્યાર સુધી માથે વજનના ફેરા કરવાનું કામ કરતા હતા. આડાઅવળા આંટાં મારે. હવે, ૫૦થી ૬૦ કિલોના પાર્સલ બંધાવા લાગ્યા એટલે આ વહુ ઘરે જઈને કીધું તેમની સાસુને હવે વેપારી મોટા પાર્સલ બંધાવે છે. હું કામે નહીં જવ. એટલે કાળીબહેન દુકાને ગયા ને જોયું કે, બીજા મજૂર જોડે ટેમ્પામાં પાર્સલ ભરાવા માંડ્યા છે. કાળીબહેને વેપારીને કહ્યું કે, આ મારી મજૂરી બીજાને કેવી રીતે આપું ? વેપારી કહેવા લાગ્યા કે, બહેન આપણી દુકાન છે ને તમને મજૂરી આપી દઈશ પણ કાળીબહેન ટસ ના મસ ના થયા. વેપારીભાઈ એ તો આ વાતચીતનો વિડીયો ઊતાર્યા અને સોનલબહેનને વોટ્સએપ પર વિડીયો મોકલ્યો. સાંજે ૭ઃ૩૦ વાગ્યા તો સોનલબહેને વેપારીને ફોનમાં વાત કરી કહ્યું કે, સવારે રૂબરૂ આવીને વાત કરીએ. બીજા દિવસે એ બહેન ગયા દુકાને તો માલિક કામ આપવાનું ના પડતા હતા. પછી અમે ૨ દિવસ સળંગ ગયા ને વેપારીભાઈ ને સમજાવ્યા પછી કામે રખાયા અને ગાંસડી ૫૦ કિલો વધારે હોય તો ૫ રૂ. મજૂરી આપવી. એટલે હવે પાર્સલ મોટા જ બંધાશે. એટલે બેનને ૨૦ પાર્સલ રોજના થાય તો મજૂરી દિવસની ૧૦૦ રૂ. વધારો થયો. કાળીબહેન કહે, સોનલબહેન તમે આવ્યા તો મારું કામ પાછું મળ્યું અને મજૂરી પણ વધી. વેપારીભાઈ કહે, બહેન મારે એમને કામ નહોતું આપવું. પણ તમે ‘સેવા’ સંસ્થામાંથી આવો છો એટલે કામ આપ્યું. સેવાનું નામ ઉજળું છે. ખોટી વાત ન કરે. આ બેને આખી માર્કેટ ભેગી કરી હતી એટલે આપવું જ નહોતું. માથોડા હાથલારી કાપડ

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6, 22-2-24

બજારમાં આખું ફેમીલી કામ કરે એટલે આ સુરેશભાઈને તેમનો પરિવાર ૬ દુકાનોમાં કામ કરે છે અને આ દુકાનમાં પાર્સલ ૮૦થી ૯૦ કિલોના પાર્સલ આવે ને એક ટેમ્પો હોય તો કામમાં પહોંચી નથી વળાતું. એટલે બીજા મજૂર જોડે કામ કરાવો એટલે કોઈ પણ દુકાનમાં મજૂર વેપારીને ઝઘડો થાય. એટલે સેવાની બહેનોને યાદ કરે. આ ભાઈઓ સોનલબહેન અને આગેવાન ટીનાબહેનને કહ્યું અને વેપારીને મજૂરને સમાધાન કરાવ્યું અને બીજો મજૂર પણ દુકાનમાં મૂકી આપ્યોને એ ભાઈની મજૂરી બાકી હતી તેનો હિસાબ કરાવી રૂ.૧૦૫૦૦/- મજૂરીના અપાવ્યા. વ્યાજબી માંગણી અને વ્યાજબી સમાધાન. સૌનું સાચવવાનું પણ સાચી વાત તો માંનવાની.

**–રમીલા પરમાર**

## સેવા સમાચાર

મનાલીબહેન શાહની કેન્દ્રિય કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન)ના સભ્ય તરીકે નિમણૂંક થઇ છે. કેન્દ્રિય કર્મચારી ભવિષ્યનિધિ સંગઠનમાં પહેલીવાર અસંગઠિતક્ષેત્રના યુનિયનને પ્રતિનિધિત્વ મળ્યું છે. અભિનંદન.

❑

## અનસૂયા

- ૪૨માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/- નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

6, 22-2-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]